॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



: નિમંત્રણ પત્રિકા :

## અબજીબાપાશ્રી પ્રાગટ્યોત્સવ નિમિત્તે
તથા
## અનાદિમુક્ત શ્રી નારાયણભાઈ શતાબ્દી મહોત્સવ ઉપલક્ષ્યે

**તીર્થધામ શ્રી અબજીબાપાની છતેડી**
બળદિયા આયોજિત

# શિક્ષાપત્રી રહસ્યાર્થ પારાયણ

**: પ્રારંભ :**

કારતક સુદ-૮ તા. ૧-૧૧-૨૦૨૨
મંગળવાર સવારે ૮-૩૦

**: પૂર્ણાહુતિ :**

કારતક સુદ-૧૨ તા. ૫-૧૧-૨૦૨૨
શનિવાર સવારે ૧૧-૩૦

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



निजाश्रितानां सकलार्तिहन्ता सधर्मभक्तेरवनं विधाता
दाता सुखानां मनसेप्सितानां तनोतु कृष्णोऽखिलमङ्गलं नः

**સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન, અનાદિ મહામુક્તરાજ પ.પૂ. શ્રી અબજીબાપા, સદ્‌ગુરુઓ તથા સમર્થ મુક્તોના પરમ કૃપાપાત્ર અનાદિમુક્ત શ્રી.....**

શ્રીહરિની દિવ્ય સ્મૃતિ સહ જણાવવાનું કે કચ્છ પ્રદેશમાં વૃષપુર (બળદિયા) મુકામે શ્રીજીમહારાજે કાળી તલાવડીને કાંઠે દેવબાને દિવ્ય સ્વરૂપે દર્શન આપ્યા અને અતિ પ્રસન્ન થઈ વરદાન માગવા કહ્યું. ત્યારે દેવબાએ શ્રીજીમહારાજને અતિશે રૂપાળા જોઈ કહ્યું, "તમ જેવા પુત્ર ખપે." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું, "અમ જેવા તો અમે એક જ છીએ, પણ અમારા અનાદિમુક્ત અમારા તુલ્ય જ કહેવાય, તે તમારે ત્યાં અમારા સંકલ્પથી પ્રગટ થશે અને અસંખ્ય જીવોનો ઉદ્ધાર કરશે." તેના ફળસ્વરૂપે અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રી સંવત ૧૯૦૧ના કારતક સુદ પ્રબોધિની એકાદશીને સોમવારની રાત્રે ૯-૧૦ કલાકે પ્રગટ થયા. તેમનો પ્રાગટ્યોત્સવ દર વર્ષે છતેડીધામે ઉજવાય છે.

તે પર્વે દિવ્યભૂમિ શ્રી અબજીબાપાની છતેડી, બળદિયા મુકામે સંવત ૨૦૭૯ કારતક સુદ-૮, તા. ૧-૧૧-૨૦૨૨ મંગળવારથી કારતક સુદ-૧૨ તા. ૫-૧૧-૨૦૨૨ શનિવાર, સુધી **'શિક્ષાપત્રી રહસ્યાર્થ પારાયણ'** નું આયોજન કરવામાં આવ્યું છે. સદ્. શાસ્ત્રી શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી વ્યાસાસને બિરાજી કથામૃતનું રસપાન કરાવશે.

શ્રી સ્વામિનારાયણ ભગવાનના પાવનકારી વિચરણથી મહાપ્રસાદીરૂપ તીર્થધામ અબજીબાપાની છતેડીમાં બાપાશ્રીએ અનેક કલ્યાણકારી યજ્ઞો કર્યા છે તેમજ શ્રીજીમહારાજના ચરણારવિંદ પધરાવી આ સ્થાનનાં દર્શન કરનારને આત્યંતિક કલ્યાણનો કોલ આપ્યો છે.



સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી



સદ્. શ્રી વૃંદાવનદાસજી સ્વામી



સદ્. શ્રી નિર્ગુણાનંદજી બ્રહ્મચારી



સદ્. શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી

અ.મુ. સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી, અ.મુ. સદ્. શ્રી વૃંદાવનદાસજી સ્વામી, અ.મુ. સદ્. શ્રી નિર્ગુણાનંદજી બ્રહ્મચારી, અ.મુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી તથા અ.મુ. શ્રી સોમચંદબાપાએ બાપાશ્રીનો પ્રત્યક્ષ જોગ કરી તેમના દિવ્યજીવન અને દિવ્યવાણીને આ ભૂમિમાં રહી ગ્રંથસ્થ કરી, કારણ સત્સંગના સિદ્ધાંતો ઉજાગર કરી સમગ્ર સત્સંગ પર મહદ્ ઉપકાર કર્યો છે.

આવી ભૂમિમાં મંદિર નિર્માણ માટે બાપાશ્રીના પુત્રો અ.મુ. શ્રી કાનજીબાપા તથા અ.મુ. શ્રી મનજીબાપાએ આ ભૂમિ શ્રીહરિઅર્પણ કરી. તેમજ અ.મુ. શ્રી જાદવજીબાપા અને અ.મુ. શ્રી નારાયણમામાએ 'શ્રી અબજીબાપા સંસ્કારધામ' તેમજ 'શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર'નું નિર્માણ કરી અનેક મોક્ષભાગી આત્માઓને મુક્તિ અને ભુક્તિ આપી આપણ સૌને ઋણી કર્યા છે.

આ બ્રહ્મયજ્ઞ પ્રસંગે અમદાવાદ, વડતાલ, મૂળી, ગઢડા, જુનાગઢ તથા કચ્છ દેશના વિદ્વાન બ્રહ્મનિષ્ઠ સંતો તથા હરિભક્તોના દર્શન-સમાગમ-વક્તવ્યનો લાભ મળશે. આ દિવ્ય પ્રસંગે કથા-વાર્તા તથા ભોજનરૂપી મહાપ્રસાદનો લાભ લેવા આપને સહકુટુંબ મિત્રમંડળ સહિત પધારવા અમારું ભાવભીનું નિમંત્રણ છે.

**લિ. દર્શનાભિલાષી**

સદ્. શ્રી સ્વયંપ્રકાશદાસજી સ્વામી આદિ સંતમંડળ, ટ્રસ્ટીમંડળ તથા છતેડી સંસ્થાના હેતવાળા હરિભક્તોના જય સ્વામિનારાયણ

**પારાયણના વક્તાશ્રી**

સદ્. શાસ્ત્રી શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી ગુરુ સદ્. શ્રી સ્વયંપ્રકાશદાસજી સ્વામી

**પારાયણના મુખ્ય યજમાન**

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન, અમદાવાદ**

**આદ્ય સંસ્થાપક : અનાદિ મુક્તરાજ પરમ પૂજ્ય શ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કરના પ્રાગટ્ય શતાબ્દી મહોત્સવ ઉપલક્ષ્યે**

**પારાયણના સહ યજમાન**

મૂ. નિ. પરબતભાઈ કાનજીભાઈ હિરાણી
મૂ. નિ. કાન્તાબેન પરબતભાઈ હિરાણી
હસ્તેઃ દેવશીભાઈ પરબતભાઈ હિરાણી સહપરિવાર (ભારાસર)

મૂ.નિ. કાંતિલાલ પોપટલાલ ઝીંઝુવાડિયા, રંજનબેન કાંતિલાલ ઝીંઝુવાડિયા
પુત્ર સુશીલચંદ્ર ઝીંઝુવાડિયા, પુત્ર નયનભાઈ ઝીંઝુવાડિયા, પુત્રી કલ્પનાબેન માંડલિયા
પુત્રી ધર્મિષ્ઠાબેન ઝીંઝુવાડિયા, પુત્રી જયશ્રીબેન વ્યાસ, પુત્રી વૈશાલીબેન શાહ

## કાર્યક્રમ

**: પ્રારંભ :**
કારતક સુદ-૮ તા. ૧-૧૧-૨૦૨૨
મંગળવાર સવારે ૮-૩૦

**: પૂર્ણાહુતિ :**
કારતક સુદ-૧૨ તા. ૫-૧૧-૨૦૨૨
શનિવાર સવારે ૧૧-૩૦

**કથાનો સમય**
સવારે ૮-૩૦ થી ૧૧-૩૦ બપોરે ૪ થી ૭

**અન્નકૂટોત્સવ**
તા. ૨-૧૧-૨૦૨૨ સવારે ૬.૦૦

**ઠાકરથાળી**
તા. ૨-૧૧-૨૦૨૨ રાત્રે ૮-૦૦



**મૂર્તિ - શોભાયાત્રા**
તા. ૩-૧૧-૨૦૨૨
રાત્રે ૭.૩૦ થી ૧૦-૩૦

**અભિષેક-સમૂહ મહાપૂજા**
તા. ૪-૧૧-૨૦૨૨ શુક્રવાર
સવારે ૬-૩૦

**મૂર્તિ પુનઃ પ્રતિષ્ઠા**
બહેનોના નવશોભિત મંદિરમાં
તા. ૪-૧૧-૨૦૨૨ સવારે ૧૧.૦૦ વાગે.

**બાપાશ્રી પ્રાગટ્યોત્સવ**
કારતક સુદ-૧૧ તા. ૪-૧૧-૨૦૨૨
શુક્રવાર રાત્રે ૯-૧૦

**જ્ઞાન-ધ્યાન-ઉપાસના શિબિર :** તા. ૨૯-૧૦-૨૦૨૨ શનિવાર થી તા. ૩૧-૧૦-૨૦૨૨ સોમવાર સુધી

## વિશેષ નોંધ

અનાદિમુક્ત શ્રી નારાયણભાઈ શતાબ્દી મહોત્સવ 100 12 થી 16 ફેબ્રુઆરી, 2023

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન અમદાવાદ આયોજિત 'અનાદિમુક્ત શ્રી નારાયણભાઈ શતાબ્દી મહોત્સવ' તા. ૧૨ થી ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૩

તથા

શ્રી અબજીબાપાની છતેડી બળદિયા આયોજિત 'અબજીબાપા પ્રતિષ્ઠિત ભીડભંજન હનુમાનજી શતાબ્દી મહોત્સવ' તા. ૧ થી ૫ મે, ૨૦૨૩

અબજીબાપા પ્રતિષ્ઠિત ભીડભંજન હનુમાનજી શતાબ્દી મહોત્સવ ૧૦૦ ૧ થી ૫ મે ૨૦૨૩

આ મહોત્સવોમાં પધારવા સર્વે હેતવાળાને જાણ કરવા વિનંતી.

# શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર

મુ. બળદિયા, તા. ભુજ, જિ. કચ્છ-370427 02832 282253 90990 49284
www.abjibapanichhatedi.org info@abjibapanichhatedi.org Telegram: www.t.me/chhatedi